## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



મધર્સ ડે આવે છે... મે તો છોકરાને કહી દીધું... ફોટા પાડી ફેઈસ બુકમાં મુકવા ધક્કો ન ખાઈશ... હું તને એડિટ કરીને ફોટા મોકલી દઈશ...





તાસીર જીઆઈડીસી વિસ્તારની : વિકાસના પરિપત્રો કરતા અને વિકાસના આંકડા આપતાં ગાંધીનગરના જીઆઈડીસી વિસ્તારની આ તસવીર વિકાસ તંત્રને સમર્પિત. શહેરના ઔદ્યોગિક વિકાસ માટે નિર્માણ કરાયેલ જીઆઈડીસી વિસ્તાર ઓરમાયો જ લાગે છે. વારંવાર આંતરિક માર્ગો માટે અને ગટરોની ફરિયાદો અખબારના પાના ઉપર પ્રસિદ્ધ થયા છતાં સ્થિતિમાં કોઈ સુધાર થતો નથી. ગાંધીનગરમાં જ જો આવી પરિસ્થિતિ હોય તો ગુજરાતના અન્ય શહેરોના જીઆઈડીસી વિસ્તારોમાં કેવી સ્થિતિ હશે ? તે માત્ર કલ્પના જ કરવી રહી.

# પંચાયતના નાણાંકીય વ્યવહારમાં તલાટીની સહિ ફરજીયાત

ગાંધીનગર, તા. ૮

રાજ્ય સરકારે પંચાયત અધિનિયમમાં કરેલા સુધારાને પગલે હવે પંચાયતોના કોઈપણ નાણાંકીય વ્યવહારમાં તલાટીની સહિ ફરજીયાત કરવામાં આવી છે.

રાજ્યના પંચાયત વિભાગે આ અંગે જરૂરી સૂચનાઓ ગ્રામ્ય સ્તર સુધી પહોંચે તે માટે પગલાં લેવા તેમજ બેંકોમાં તલાટીઓની સહિના નમૂના પણ સમયસર અમલી બને તે જોવા જણાવી દીધુ છે.

પંચાયતમાં અત્યાર સુધી નાણાંકીય વ્યવહારોમાં પંચાયતના સરપંચ અને એક સભ્યની સહિ એમ બે સહિ કરાવવામાં આવતી હતી પરંતુ સરકારે કરેલા સુધારાને પગલે તલાટીની સહિ ફરજીયાત કરવામાં આવી છે.

પંચાયતોના સરપંચો દ્વારા આ નવા સુધારાથી તેમની સત્તા નિયંત્રિત થશે તેમ મનાઈ રહ્યુ છે.

# ગાંધીનગર જિલ્લાના છ ખેડૂતોનુ સન્માન કરાશે

### ગાંધીનગર જિલ્લાના ૧૦ હજાર ખેડૂતો આ મહોત્સવમાં ભાગ લેશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર અને મહેસાણા જિલ્લાનો સંયુક્ત કૃષિ મહોત્સવ આગામી તા. ૧૬મી મે, ૨૦૧૭ના રોજ પોલીસ પરેડ ગ્રાઉન્ડ, મહેસાણા ખાતે સવારના ૯ કલાકે યોજાશે. જેમાં ગાંધીનગર જિલ્લાના ૧૦ હજાર ખેડૂતો ભાગ લેશે. કૃષિ મહોત્સવના સફળ આયોજન અને અમલીકરણ અંગે ગાંધીનગર જિલ્લા કલેકટર સતીશ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલ બેઠકમાં ખેડૂતોને લાવવા લઈ જવા માટે ગાંધીનગર જિલ્લાને ફાળવવામાં આવેલી ૧૨૦ જેટલી બસોના આયોજન ઉપરાંત ખેડૂતોને કોઈ મુશ્કેલી ન પડે તથા અતિશય ગરમીના દિવસોમાં હીટવેવને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિષયક સુવિધાઓ, ચા-પાણી, નાસ્તો, ફૂડ પેકેટ અને છાશની સારી વ્યવસ્થા કરવા અધિકારીઓને સૂચના આપી હતી.



મહેસાણા ખાતે યોજાનાર આ કૃષિ મહોત્સવમાં ગાંધીનગર તાલુકાના શાહપુર ગામના ખેડૂત હસમુખભાઈ કચરાભાઈ પટેલને સંજીવ ખેતી માટે રૂપિયા ૫૧ હજારનો સરદાર પટેલ એવોર્ડ તથા સન્માન પત્રથી સન્માનિત કરવામાં આવશે. જયારે ગાંધીનગર જિલ્લાના અન્ય પાંચ ખેડૂતોને તાલુકા કક્ષાનો બેસ્ટ આત્મા ખેડૂત એવોર્ડ અપાશે. જેમાં કલોલ તાલુકાના નવા ગામના ખેડૂત કિશોરસિંહ સેંધાજી વાઘેલાને પશુપાલન માટે, કલોલ તાલુકાના રણછોડપુરા ગામના ઘનશ્યામભાઈ કેશવલાલ પટેલ, ગાંધીનગર તાલુકાના છાલા ગામના હરિભાઈ કરશનભાઈ પટેલ તથા માણસા તાલુકાના પરબતપુરા ગામના દશરથભાઈ માધવલાલ પટેલને શાકભાજીની ખેતી માટે તથા ગાંધીનગર તાલુકાના જલુંદ ગામના વિઠ્ઠલભાઈ નાનાદાસ પ્રજાપતિને પીયત ખેતી હેઠળના પાકો માટે તાલુકા કક્ષાનો રૂ. ૧૦હજારનો રોકડ પુરસ્કાર અને સન્માન પત્ર દ્વારા સન્માન કરવામાં આવશે.

# અજાણ્યા કારચાલકની ટક્કરે મેજીસ્ટ્રેટ કોમામાં સરી પડ્યા

### ફર્સ્ટ ક્લાસ મેજીસ્ટ્રેટ પી.જે. રાયચુરાને ચ-માર્ગ પર ટક્કર મારી કારચાલક ફરાર : જજને સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવાયા : હજુ સુધી કોમામાં : ગતિમર્યાદાની 'ઐસી કી તૈસી' કરી બેફામ દોડતા વાહનો પર અંકુશ લાદવાની તાતી જરૂર

ગાંધીનગર, તા. ૮

રવિવારે સાંજે શહેરના ચ-માર્ગ પર ઈવનીંગ વૉક લેવા નીકળેલા ફર્સ્ટ ક્લાસ જજ પી.જે. રાયચુરાને અજાણ્યા કારચાલકે ટક્કર મારતા ગંભીર ઈજાઓ પહોંચી છે. આ ઈજાઓના કારણે તેઓ કોમામાં સરી પડ્યા છે અને સઘન સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલથી અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ કોર્ટના બીજા જ્યુડીશિયલ ફર્સ્ટ ક્લાસ મેજીસ્ટ્રેટ પી.જે. રાયચુરા રવિવારની સાંજે રોડ નં. ૫ પરથી ચ-માર્ગ પર ઈવનીંગ વૉક લેવા નીકળ્યા હતા. આ દરમ્યાન ચ-૫ સર્કલથી પંચદેવ મંદિર તરફના મુખ્ય માર્ગે અજાણ્યો કારચાલક તેમને ટક્કર મારી નાસી છુટ્યો હતો જેના કારણે તેઓ ગંભીર ઈજાઓ સાથે રોડ પર જ ઢળી પડ્યાં હતા. ઘટનાસ્થળે એકત્ર થઈ ગયેલ નગરજનોએ તેમને ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડ્યાં હતા જ્યાં તેઓ કોમામાં સરી પડ્યાં હોવાનું માલુમ પડ્યુ હતુ. પી.જે. રાયચુરાની હાલત વધુ ગંભીર હોવાથી તેમને સઘન સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવાનો નિર્ણય લેવાયો હતો. અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડાયા બાદ હજુ સુધી તેમની હાલતમાં કોઈ મોટો સુધારો જોવા મળ્યો નથી અને તેઓ હજુ પણ કોમાની સ્થિતિમાં છે. બીજી તરફ અકસ્માતની જાણ થતા સેક્ટર-૨૧ પોલીસે અમદાવાદ સિવિલ હોસ્પિટલ જઈ ફરિયાદ લેવા પ્રયાસ કર્યો હતો પરંતુ મેજીસ્ટ્રેટ કોમામાં હોવાથી પરિવારના સભ્ય દ્વારા ફરિયાદ લેવાય તેવી શક્યતા જોવાઈ રહી છે. આ અકસ્માતના પગલે શહેરના માર્ગો પર ગતિ મર્યાદાના નિયમોની 'ઐતી કી તૈસી' કરી બેફામ દોડતા વાહનો પર લગામ તાણવામાં આવે તેવી નાગરિકોમાં ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

# ગાંધીનગરનું યુગલ ભૂતાન સુધીની રોમાંચક સેલ્ફ ડ્રાઈવમાં સામેલ થશે

### રેનો કંપની ગેંગ ઓફ ડસ્ટરમાં અગાઉ ખારદુંગલાનો પ્રવાસ કરી ચુકેલ યોગેશ ગજ્જર-ધ્રુવાંગી ગજ્જરની પ્રથમ ઈન્ટરનેશનલ ડ્રાઈવ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના સે-૭માં રહેતા યોગેશ ગજ્જર તથા ધ્રુવાંગી ગજ્જર ફરી એકવાર રેનો ડસ્ટરની 'ગેંગ ઓફ ડસ્ટર' ડ્રાઈવમાં પસંદગી પામ્યા છે. આ વખતે તેઓ સૌ પ્રથમવાર સેલ્ફ ડ્રાઈવથી ઈન્ટરનેશનલ સફર



ખેડવાના છે. તા.૧૨મી મેના રોજ આગ્રાથી ભૂતાનની તેમની સફરનો પ્રારંભ થશે. તે તા. ૨૩મી મેના રોજ પૂર્ણ થશે. આ સફરમાં તેઓ અંદાજે ૬ હજાર કિમીનો પ્રવાસ ખેડશે.

રેનો કંપની દ્વારા ગેંગ ઓફ ડસ્ટરના નામથી દર વર્ષે તેના ડસ્ટર કારના ગ્રાહકો માટે સાહસિક રોમાંચક કાર ડ્રાઈવરનું આયોજન કરવામાં આવે છે. જેમાં પસંદ પામેલા ૨૦ ડસ્ટર માલિકોને રોમાંચક કાર ડ્રાઈવનું આયોજન કરી આપવામાં આવે છે. આ સફરમાં કાર માલિકો કંપનીના માર્ગદર્શન હેઠળ પોતાના ખર્ચે અને જોખમે જોડાય છે અને સાહસિક સફરનો આનંદ માણે છે. કંપની દ્વારા આ સફરમાં તબીબો સાથેની એક્ષપર્ટ ટીમ કાર ચાલકોને માર્ગદર્શિત કરવા માટે રાખવામાં આવે છે.

આ વર્ષે આગ્રાથી ભૂતાન સધીના આશરે ૬ હજાર કિમીના પ્રવાસનું આયોજન કરાયું છે. આ પ્રવાસ તા. ૧૨મી મેએ આગ્રાથી પ્રારંભ થઈ લખનઉ, વારાણસી, પટના, સિલીગુરી, કુન્ટશોલીંગ, થીમ્ફુ અને પારો પહોંચશે તથા તે મુજબ પરત ફરશે. આ રોમાંચક સફર માટે ગાંધીનગરનું યુગલ યોગશ ગજજર તથા તેમના પત્નિ ધ્રુવાંગી ગજજર તા. ૧૦મીએ ગાંધીનગરથી આગ્રા જવા રવાના થશે.

# પીઓએસ મશીન સિવાય વિતરણ થનાર રાસાયણિક ખાતરનો જથ્થો સબસીડીને પાત્ર ગણાશે નહી

ગાંધીનગર, તા. ૮

ભારત સરકાર દ્વારા તા. ૧લી જુન, ૨૦૧૭થી સમગ્ર દેશમાં સબસીડાઈઝ રાસાયણિક ખાતરોના વેચાણમાં ડીબીટી યોજના અમલી બનાવવાના હેતુસર પીઓએસ ( પોઈન્ટ ઓફ સેલ) મશીન દ્વારા જ રાસાયણિક ખાતરોનું વેચાણ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. ૧ જુન, ૨૦૧૭ના રોજથી પીઓએસ મશીન સિવાય રાસાયણિક ખાતર વિતરણ થનાર ખાતરનો જથ્થો સબસીડીને પાત્ર ગણાશે નહી.

જેથી તમામ ખાતર વિક્રેતાઓને રાસાયણિક ખાતર કંપનીઓ મારફતે પીઓએસ મશીન ૩૧મી મે, ૨૦૧૭ પહેલા આપવાનું સુચારૂ આયોજન કૃષિ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. પીઓએસ મશીનના વપરાશ માટે તાલુકા કક્ષાએ ખાતર વિક્રેતાઓને તાલીમ આપવાનું પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. દરેક ખાતર વિક્રેતાઓને સમયસર પીઓએસ મશીન મેળવી લેવા અને તાલુકા કક્ષાની ખાતર વિક્રેતાઓની તાલીમમાં પોતાના વિસ્તારમાં સારૂ નેટવર્ક ધરાવતી કોઈ ટેલીફોન કંપનીના માઈક્રોસીમ કાર્ડ સાથે અચૂક હાજર રહેવાની અપીલ કરવામાં આવી છે. આ યોજના હેઠળ ખેડૂતોએ ખરીદવાના થતાં સબસીડાઈઝ રાસાયણિક ખાતરો પીઓએસ મશીન દ્વારા આધારકાર્ડ મારફતે જ ખરીદવાની જોગવાઈ છે. દરેક ખેડૂતો પાસે આધારકાર્ડ હોવું જરૂરી છે. જેથી ૩૧મી મે, ૨૦૧૭ પહેલા ખેડૂતોને આધારકાર્ડ કઢાવી લેવા પણ જણાવવામાં આવ્યું છે.

રાસાયણિક ખાતર અંતર્ગત ડીબીટી યોજના હેઠળ ખેડૂતોને હાલની પદ્ધતિ મુજબ સબસીડી ભાવે જ ખાતર વિતરણ કરવામાં આવશે અને અઠવાડિક ખેડૂતોને થયેલ વેચાણના આધારે ખાતર કંપનીના એકાઉન્ટમાં ભારત સરકાર દ્વારા સબસીડી જમા કરાવવામાં આવશે. પીઓએસ મશીન દ્વારા ખાતર કંપનીઓ તથા ખાતર વિક્રેતા દ્વારા રાસાયણિક ખાતરોના થતાં વેચાણ તેમજ ખેડૂતો દ્વારા થતી ખાતરોની ખરીદીમાં પારદર્શતા આવશે, તેવું નાયબ ખેતી નિયામક (વ), ગાંધીનગરે જણાવ્યું છે.



ધી ગાંધીનગર નાગરિકો કો ઓપ બેન્ક લી ની રાણીપ ખાતે નવી શાખાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. રાણીપમાં ગુજરાત હાઉસીંગ બોર્ડના કોર્મશિયલ કોમ્પલેક્ષમાં બેન્કની ૮ મી શાખા ચેનપુર ન્યુ રાણીપનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ગ્રાહકો માટે વાતાનુકુલિત વાતાવરણમાં સેઈફ ડિપોઝિટ વોલ્ટ સહીતના અધ્યતન મકાનમાં બેન્કીંગ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. બેન્ક શાખાના શુભારંભ પ્રસંગે બેંકના ચેરમેન ઘનશ્યામ પટેલ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલ તેમજ મેનેજીંગ ડિરેકટર મનુભાઈ પટેલ સહીતના અન્ય બોર્ડ ઓફ ડિરેકટર્સ સહીત નાગરિકો મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

# દુઃખી-પીડિતોની સેવા દ્વારા સામાજિક કર્તવ્ય નિભાવવા રેડક્રોસ સ્વયંસેવકો સહિત સૌ નાગરિકોને આહ્‌વાન કરતા રાજ્યપાલ

### 'વિશ્વ રેડક્રોસ દિન'ની પૂર્વ સંધ્યાએ ઓ.પી. કોહલીનો પ્રજાજોગ સંદેશ

ગાંધીનગર, તા. ૮

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ દુઃખી-પીડિતોની સેવા દ્વારા સામાજિક કર્તવ્ય નિભાવવા રેડક્રોસ સ્વયંસેવક સહિત સૌ નાગરિકોને આહ્‌વાન કર્યું હતું.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે 'વિશ્વ રેડક્રોસ દિન'ની પૂર્વ સંધ્યાએ ગુજરાતની પ્રજા જોગ સંદેશમાં જણાવ્યું હતું કે ૮મી મે-વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય રેડક્રોસ દિન તરીકે મનાવવામાં આવે છે. ૮મી મે રેડક્રોસ આંદોલનના સંસ્થાપક સર હેનરી ડુનાન્ટનો જન્મ દિવસ છે. આ વર્ષે 'વિશ્વ રેડક્રોસ દિન'ની ઉજવણીની વિષયવસ્તુ 'અલ્પ પ્રચલિત રેડક્રોસની ગાથાઓ' નક્કી કરાયેલ છે. તેનો મુખ્ય ઉદ્દેશ રેડક્રોસ દ્વારા માનવીય પડકારરૂપ બાબતોને મૌલિક, અભિનવ અને અસાધારણ દૃષ્ટિકોણથી હલ કરાઈ છે. તેની સાફલ્ય ગાથાઓ વ્યાપક રીતે સ્વયંસેવકોએ સમાજમાં જન જન સુધી પહોંચાડવાના પ્રયાસ કરવા જોઈએ.

રેડક્રોસ સોસાયટી દ્વારા લગભગ ૧.૫ લાખ યુનિટ સુરક્ષિત રક્ત જરૂરતમંદ રોગીઓને ઉપલબ્ધ કરવામાં આવે છે. પ્રતિ વર્ષ હજારોની સંખ્યામાં જરૂરિયાતવાળા બાળકોને નિઃશુલ્ક રક્ત આપવામાં આવે છે. ગુજરાત રેડક્રોસ દ્વારા થેલેસેમિયા અને સિકલસેલ એનેમિયા નિયંત્રણ કાર્યક્રમ સફળતાપૂર્વક ચલાવવામાં આવી રહ્યો છે, તેમ રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે થેલેસિમિયા અને સિકલસેલ એનેમિયા નિયંત્રણ કાર્યક્રમ હેઠળ ૨૫ લાખ જેટલા લોકો, યુવાઓ, વિદ્યાર્થીઓ અને વનબંધુઓનું પરિક્ષણ કરવામાં આવ્યું છે. આ સિવાય રેડક્રોસ સંસ્થા દ્વારા આર્ટિફિશ્યલ લિમ્બ, ટી.બી. નિયંત્રણ, ફિઝિયોથેરાપી, સેરિબ્રલ પાલ્સી સેન્ટર તથા વરિષ્ઠ નાગરિકો માટે ઘર 'વાત્સલ્ય'નું સંચાલન સફળતાપૂર્વક કરવામાં આવી રહ્યું છે.

આ અવસરે શ્રી કોહલીએ કરૂણા અને સંવેદના સાથે પરમાર્થના ઉન્નત ભાવથી કાર્યરત સૌ કર્મશીલોને હાર્દિક અભિનંદન આપ્યા હતા.



સ્કેટીંગ : સમર કેમ્પની મોસમમાં સેન્ટ ઝેવિયર્સ શાળામાં સ્કેટીંગ માટે બાળકો ઉભરાય છે. સાહસ, આત્મવિશ્વાસ અને ગતિની તાલીમ આપતી અદ્‌ભુત સ્કેટીંગની રમતમાં બાળકોને મજા પડે છે. રોમાંચક તરકીબો સાથે બાળકો આત્મવિશ્વાસ વધારી શકે છે. સમર વેકેશનમાં મોટા ભાગના બાળકો સ્કેટીંગમાં જોડાયા છે.

# ભાજપની પ્રદેશ કક્ષાની ૧૩મીએ કાર્યશાળા

અમદાવાદ, તા.૮

પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્‌ ખાતે રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી રામલાલ, રાષ્ટ્રીય મહામંત્રી અને નવનિયુક્ત પ્રદેશ પ્રભારી ભુપેન્દ્ર યાદવ અને રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી વી.સતીષની પ્રેરક ઉપસ્થિતિમાં અને પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં પ્રદેશ પદાધિકારીઓની બેઠક યોજાઈ હતી. પંડ્યાએ જણાવ્યું હતુંકે, નવનિયુક્ત પ્રદેશ પ્રભારી ભુપેન્દ્ર યાદવે પ્રદેશના પદાધિકારીઓ સાથે પરિચય બેઠક યોજી હતી અને આગામી સમયમાં યોજાનાર વિવિધ સંગઠનાત્મકલ કાર્યક્રમોની માહિતી મેળવી હતી અને કાર્યક્રમો અંગે ચર્ચા વિચારણા કરી હતી. પંડ્યાએ વધુમાં જણાવ્યું હતું કે, ભાજપા પંડિત દીનદયાળજીના જન્મશતાબ્દ વર્ષને ગરીબ કલ્યાણ વર્ષ તરીકે ઉજવી રહી છે ત્યારે વિસ્તારક યોજના થકી ભાજપાનો વ્યાપ વધારવા, કેન્દ્ર તેમજ રાજય સરકારના કામોને છેવાડાના માનવી સુધી પહોંચાડવા અને પ્રેમ એકતા તેમજ વિકાસનો સંદેશો લઈને ગુજરાતના લગભગ ૪૮૦૦૦ જેટલા બુથમાં પ્રદેશ અધ્યક્ષ સહિત સાંસદસભ્યોઓ, ધારાસભ્યઓ, ચૂંટાયેલા તમામ પ્રતિનિધિઓથી માંડીને સંગઠનના પ્રદેશથી લઈને મંડલ સ્તર સુધીના પદાધિકારીઓ બે તબક્કામાં ૧૫ દિવસનાં વિસ્તારક તરીકે જવાના છે. પંડ્યાએ વધુમાં જણાવ્યું હતું કે, વિસ્તારકોએ બુથમાં જઈને કરવાની કામગીરી અંગે પ્રદેશ કક્ષાની કાર્યશાળા તા. ૧૩ મેના રોજ પ્રદેશ કાર્યાલય ખાતે યોજાશે. તે પછી વિસ્તારકો માટે જીલ્લા મહાનગર સ્તરના અભ્યાસવર્ગોમાં જઈને બુથને મજબુત કરવા, પેજ પ્રમુખ સુધીની વ્યવસ્થા તેમજ સમાજના તમામ ક્ષેત્રો અને વર્ગોને આવરી લઈને ભાજપાની વિચારધારાના વિસ્તાર માટેનું માર્ગદર્શન આપશે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

**ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ**
**ગાંધીનગર વિભાગ**
નાસ્તિ ગૃહાત્પરં સુખમ્
**ટુંકી મુદતની જાહેર નિવિદા ક્રમાંક - ૨ (૨૦૧૭-૧૮)**
(રજીસ્ટર્ડ ઓફિસ : ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ.,
નાગરીક પુરવઠા નિગમનું સંકુલ, સેક્ટર-૧૦/એ, ચ-રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦
CIN No. : U45201GJ1988SGC011453
વેબસાઈટ : www.gsphc.gujarat.gov.in, ઈ-મેઈલ : gsphcltd@gmail.com

ગુ.રા.પો.આ.નિ.લિ., ગાંધીનગર વિભાગીય કચેરી સી/૩-૧૩ અને ૧૪, પોલીસ સ્ટાફ ક્વાર્ટસ, પોલીસ સ્ટેશન કેમ્પસ, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧ (ફોન : ૨૩૨૪૭૩૯૧) દ્વારા માન્ય ઈજારદારો પાસેથી સીવીલ / ઈલેકટ્રીકલ કામોના ટેન્ડરો મંગાવવાનું નક્કી કરેલ છે. આ કામોની વિગતવાર નોટીસ કચેરીના નોટીસબોર્ડ ઉપરાંત નિગમની વેબસાઈટ : www.gsphc.gujarat.gov.in તથા માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com પર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો તથા વડી કચેરીનો સંપર્ક સાધવાથી પણ મળી શકશે. અનુ નં. ૧નું કામ તા. ૯/૫/૨૦૧૭ થી તા. ૨૩/૫/૨૦૧૭ દરમિયાન નિગમની વેબસાઈટ : www.gsphc.gujarat.gov.in પર કામના નામ ઉપર ક્લીક કરવાથી ટેન્ડર ડૉક્યુમેન્ટ ડાઉનલોડ થઈ શકશે. તેમજ તે કામના ટેન્ડરો ભરી જરૂરી દસ્તાવેજો સાથે તા. ૩૦/૫/૨૦૧૭ સુધીમાં મોકલવાના રહેશે. અનુ.નં.૨નું ટેન્ડર http://gsphc.nprocure.com ઉપર તા. ૯/૫/૨૦૧૭થી ઓનલાઈન ઉપલબ્ધ રહેશે. અને ટેન્ડર ઓનલાઈન સબમીટ કરવાની છેલ્લી તા. ૨૩/૫/૨૦૧૭ રહેશે. જેની ટેન્ડર ફી, બાનાની રકમ તથા એફિડેવીટ સીલ્ડ કવરમાં રજૂ કરવાની છેલ્લી તારીખ : ૩૦/૫/૨૦૧૭ છે.

સહી/-
કાર્યપાલક ઈજનેર
ગાંધીનગર વિભાગ
માહિતી/૩૬૯/૧૭-૧૮